
જયારે બિલ ટ્રેલરે ચિત્રકારી શરુ કરી



ડોન ટેટ

ચિત્ર : આર. ગ્રેગરી ક્રિસ્ટી

જયારે બિલ ટ્રેલરે ચિત્રકારી શરુ કરી

અલાબામા ના કપાસ ના ખેતર માં એક ગુલામ છોકરા ના રૂપ માં મોટા થયેલા બિલ ટ્રેલરે આખો દિવસ પ્રખર તાપ માં કામ કર્યું. જયારે ગુલામી સમાપ્ત થઈ, ત્યારે બિલ નો પરિવાર શેરખેતી ના રૂપ માં ફાર્મ પર રહ્યો. મોટો થવા સુધી બિલ ત્યાં જ રહ્યો. એણે એના પરિવાર નું પાલન-પોષણ કર્યું, અને જમીન અને જાનવરો ની દેખભાળ કરી.

1935 માં બિલ 81 વર્ષ નો હતો અને એ એના ફાર્મ પર બિલકુલ એકલો હતો. એટલે, એણે એનો સામાન બાંધ્યો અને એ અલાબામા ની રાજધાની મોન્ટગોમેરી ચાલ્યો ગયો. એ એકલો ગરીબ, એ વ્યસ્ત શહેર ની સડકો પર ભટકતો રહ્યો. પણ એની અંદર બિલ પાસે ફાર્મ પર કામ કરવાની અને જીવન જીવવાની યાદો નો ભંડાર હતો, અને ટૂંક સમય માં એ યાદો ચિત્રો માં બદલાઇ ગઇ. બિલે લોકો, સ્થાનો અને જાનવરો, એના પૂર્વ જીવન ની સાથે-સાથે, આસપાસ શહેર ના દ્રશ્યો દોરવા શરુ કર્યા.

આજે બિલ ટ્રેલર ને સૌથી મહત્વપૂર્ણ સ્વ-શિક્ષિત અમેરિકી લોક કલાકારો માં થી એક માનવામાં આવે છે. આ પુસ્તક એક જીવંત કલાકાર ને શ્રદ્ધાંજલિ છે જેણે બારસો થી વધારે હૂંફાળા અને ઘણી વાર હાસ્ય ચિત્રો થી દુનિયા ને સમૃધ્દ્ધ કરી.







1939 માં અલાબામા ના મોન્ટગોમેરી માં ઉનાળા ની શરૂઆત હતી. મોનરો એવન્યુ શહેર માં, એક વૃદ્ધ વ્યક્તિ લાકડા ના એક ખોખા પર બેઠો હતો. એના ખોળા માં એક પાટિયું હતું અને એના હાથ માં એક નાની પેન્સિલ હતી. એણે કપડાં ધોવા ના સાબુ ના ડબ્બા પાછળ એક ચિત્ર બનાવવાનું શરુ કર્યું.

આ માણસ કોણ હતો, અને ક્યા કારણે એણે 75 વર્ષ ની ઉંમર માં ચિત્રો બનાવવાનું શરુ કર્યું? એનું નામ બિલ ટ્રેલર હતું, અને જો લોકોએ એને પૂછ્યું હોત, તો એ કહેત, "ચિત્રકારી, એ બસ મારી પાસે એની મેળે આવી ગઈ."

1850 ના દશક માં, જોર્જ હાર્ટવેલ ટ્રેલર અને એની પત્ની પાસે બેન્ટન, અલાબામા પાસે એક કપાસ નું ખેતર હતું. ટ્રેલર પાસે વીસ થી વધારે દાસ પણ હતા. 1854 દરમ્યાન, ગુલામ પરિવારો માં એક પુત્ર નો જન્મ થયો. એને બિલ નામ આપવામાં આવ્યું. એનું ઉપનામ 'ટ્રેલર' થઈ ગયું, જે એના સ્વામી નું નામ હતું.

જે ક્ષણે સૂરજ આકાશ માં ચમકતો અને જ્યાં સુધી એ રાત્રે ગાયબ ન થઈ જાય, ત્યાં સુધી ગુલામ ગરમ, ધૂળિયા ખેતરો માં કપાસ વીણતાં હતા. જયારે બિલ વૃદ્ધ થઈ ગયો, તો પણ એને કામ કરાવ્યા કરવું પડતું હતું : પાણી લાવવું, લાકડા ભેગા કરવા, ચીભડાં તોડવા, વગેરે.



એનું કામ પૂરું કર્યા પછી, બિલ ક્યારેક-ક્યારેક અલાબામા નદી ને કિનારે એના મિત્રો ને મળતો હતો. એ ઠંડા પાણી માં કૂદતા હતા અને ત્યાંથી નીકળતી સ્ટીમબોટ તરફ હાથ હલાવતા હતા.

અજાણતા, કોઈ પ્રયાસ વગર, બિલે એ દિવસો ની યાદો ને એની અંદર ઊંડાણ માં સમાવી લીધી હતી.








જયારે 1865 માં ગૃહયુદ્ધ સમાપ્ત થયું, ત્યારે ગુલામો ને મુક્ત કરવામાં આવ્યા. ઘણા લોકો એ એના પૂર્વ માલિકો ને છોડી દીધા, પણ બિલ ના પરિવારે ટ્રેલર ના ખેતર પર જ રહેવાનો નિશ્ચય કર્યો. એ ત્યાં શેરખેતી ના રૂપ માં કામ કરતા હતા, ખેતી કરતા હતા અને પોતાની ફસલ અને નફો એ લોકો સાથે વહેંચતા જે ક્યારેક એના માલિક હતા.

જોકે યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું, તો પણ ઉત્તરી સૈનિકો એ ઘણા દક્ષિણી ખેતરો, ગામ અને કસ્બા ને બાળવાનું ચાલુ રાખ્યું હતું. યુવાન બિલ અને એના પરિવારે ટ્રેલર નું ખેતર, ઉપકરણો અને જાનવરો ને નષ્ટ થતા જોયા હતા. એમાં બિલ નો પરિવાર બચી ગયો હતો. ત્યાર બાદ એમણે એના ઘર નું પુનઃનિર્માણ કર્યું અને ઘણા વર્ષો સુધી એ જ જમીન માં કામ કરવાનું ચાલુ રાખ્યું.

બિલે એ દિવસો ની યાદો ને એની અંદર ઊંડાણ માં સમાવી લીધી હતી.



1881 સુધી બિલ એક વયસ્ક અને મહેનતું ખેડૂત બની ગયો હતો. એણે લોરિસા નામની એક યુવતી સાથે લગ્ન કર્યા, અને તેઓ એક ખાડી ની બાજુ માં એક નાની કેબીન માં રહેતા હતા. થોડા સમય માં એમનું ઘર ભૂખ્યા બાળકો ના ઝૂંડ થી ભરાઈ ગયું.

પૈસા ની બહુ કમી હતી. બિલે એક વાર કહ્યું હતું, "સામે મકાન પૈસા થી ભર્યું હોય, તો પણ તમે એને ખાઈ નહીં શકો." એટલે ઘરમાં બધા જ - ત્યાં સુધી કે સૌથી નાનું બાળક પણ - ખેતર માં એનું ખાલી પેટ ભરવા માટે આવશ્યક અનાજ ઉગાડવા માટે કામ કરતા હતા.

બિલે એ દિવસો ની યાદો ને એની અંદર ઊંડાણ માં સમાવી લીધી હતી.



બિલ પાસે ઘણા જાનવર હતા, જેમાં એક ખચ્ચર પણ હતું જે કામ પૂરું કરવામાં એની મદદ કરતુ હતું. પણ ક્યારેક-ક્યારેક બિલ ને હળ સાથે આવતો જોતા ખચ્ચર જિદ્દી થઇ જતું હતું. "જેવું ખચ્ચર હળ ને જુવે છે, એવું એ ઝૂલવા લાગે છે... કદાચ એ આત્મ-સન્માન એને એની માઁ પાસેથી મળ્યું હશે," બિલે ગુસ્સા માં કહ્યું કારણકે ખચ્ચરે કામ કરવા નો ઇન્કાર કરી દીધો હતો.


ખેતર ના જાનવરો પણ બિલ સાથે મજાક કરતા હતા. બિલ જાનવરો ને પોત-પોતાનું કામ કરતા જોતો ત્યારે એને રમૂજ થતી હતી. મરઘડાં વાડા માં ઠસ્સા થી ચાલતા હતા. બિલાડીઓ છત પર ચોર પગલે ચાલતી હતી. સાપ ઘાસ માં સરકતા હતા, કોઈ કારસ્તાન માટે. થોડા જાનવરો નું વ્યક્તિત્વ બિલ ને એના જાણીતા લોકો ની યાદ અપાવતું હતું. બિલે આ યાદો ને પણ એની અંદર ઊંડાણ માં સમાવી લીધી હતી.





શનિવાર ની રાત્રે પુરુષો સારંગી ની ધૂન પર નાચતા હતા અને મહિલાઓ બુલંદ અવાજ માં ગીતો ગાતી હતી. બાળકો સંગીત ની થાપ પર આંગળીઓ થપથપાવતા આગળ-પાછળ દોડતા હતા. વૃક્ષો માં બેઠેલા ઘુવડ પણ સંગીત ની ધૂન પર માથું હલાવતા હતા.

ઉત્સવ પછી પુરુષો એના કૂતરાં ને લઈ ને મોડી રાત સુધી શિકાર અને માછલી પકડવા જતા હતા. બીજે દિવસે બિલ શક્કરિયા શેકતો હતો અને જે કંઈ એણે પકડયું હોય એને શેકી ને રાત ના ભોજન માં પીરસતો હતો.



રવિવાર ની સવારે લોકો નદી કિનારે ભેગા થતા હતા. લાંબા વૃક્ષો ની છાયા નીચે, એ ઉપદેશક ફરતે વર્તુળ બનાવતા હતા અને એનો સંદેશ ગીતો માં સાંભળતા હતા. પોતાનો આનંદ બતાવવા તેઓ હાથો ને આકાશ તરફ ઉઠાવતા હતા અને તાળીઓ પાડતા હતા. બિલે આ યાદો ને પણ એની અંદર ઊંડાણ માં સમાવી લીધી હતી.




બિલે એનું આખું જીવન ટ્રેલર ના ફાર્મ પર વિતાવ્યું હતું. 1935 માં એ 81 વર્ષ નો થઈ ગયો હતો. એની ઉમર ઘણી વધારે હતી અને એ સાવ એકલો હતો. "મારા ગોરા માલિક ગુજરી ગયા છે અને મારા બાળકો અહીં-તહીં ચાલ્યા ગયા છે," બિલે કહ્યું. એની પત્ની નું પણ મૃત્યુ થઈ ગયું હતું. એના નજીક ના લોકો પણ ચાલ્યા ગયા હતા. હવે બિલ પાસે ફાર્મ પર રહેવાનું કોઈ કારણ બચ્યું ન હતું. એણે એનો સામાન બાંધ્યો અને પાસેના શહેર મોન્ટગોમેરી તરફ ચાલી નીકળ્યો.

શહેર માં નોકરી મળવી મુશ્કેલ હતી. બિલે ક્યારેય લખતા-વાંચતા શીખ્યું ન હતું, અને ફાર્મ પર એના કામે એને શહેરી જીવન માટે તૈયાર નહોતો કર્યો. અંત માં એને પગરખાં ના એક કારખાના માં નોકરી મળી. પણ બિલ ને સાંધા માં સંધિવા નું દર્દ શરુ થયું અને જલ્દી એને નોકરી છોડવી પડી.



થોડા સમય માટે બિલે પેન્સિલ વેચી જે અમેરિકી સરકારે એને આપી હતી. એમાં એને બહુ પૈસા ન મળ્યા, અને એ જલ્દી બેઘર થઈ ગયો. દિવસ દરમ્યાન એ મોન્ટગોમેરી શહેર માં ફરતો રહેતો હતો. એ એક રોમાંચક જગ્યા હતી. બજારોમાં, દુકાનોમાં અને હોટેલો માં લોકો ની અવર-જવર હંમેશા લાગી રહેતી હતી. સડકો પર મોટર ગાડીઓ અને ઘોડા ની બગીઓ દોડતી હતી.





રાતે બિલ ફૂટપાથ પર, દરવાજા માં, અથવા ગલીઓ માં સૂતો હતો. પછી એની રોસ-કલેટન સ્મશાન-ગૃહ ના માલિકો સાથે દોસ્તી થઈ. એમણે બિલ ને એના એક ભંડાર માં સૂવા માટે જગ્યા આપી. એણે લાકડા ના પાટિયા પર થોડા જૂના કપડાં ના ડૂચા નાખ્યા અને શબપેટી ની વચ્ચે બિલે એના થાકેલા શરીર ને આરામ આપ્યો.

જયારે એ રાતે ભંડાર માં સૂતો, ત્યારેબિલ ને બહુ એકલતા લાગતી હતી. એને એનો પરિવાર, એનું ખેતર, અને એના જાનવરો ની યાદ આવતી હતી.

બિલે એની અંદર ઊંડાણ માં સમાવી લીધેલી યાદો ને તાજી થતી અનુભવી.







બિલ ને એ યાદો સતાવવા લાગી. 1939 ની શરૂઆત માં એણે એક દિવસ એક પેન્સિલ નું ઠૂંઠું અને એક નકામા કાગળ નો ટુકડો ઉઠાવ્યો અને પોતાની યાદો ને ચિત્રો માં ઠાલવવા નું શરુ કર્યું. બિલ ના પહેલા ચિત્રો સાધારણ વસ્તુઓ ના હતા : બિલાડીઓ, કપ, જૂતા, ટોપલીઓ વગેરે. પછી એણે માણસો અને જાનવર પણ બનાવવા શરુ કર્યા. એ સીધી રેખાઓ ખેંચવા માટે સોટી ની એક બાજુ નો ઉપયોગ કરતો હતો. ચતુષ્કોણ શરીર બની જતા. વર્તુળ, માથું અને આંખો બની જતી. રેખાઓ, ફેલાયેલા હાથ અને પગ બની જતી. એ આકાર માં રેખાચિત્ર દોરી લેતો અને કિનારીઓ સુંવાળી કરી લેતો.

મનરો એવન્યુ ની ફૂટપાથ, બિલ નો આર્ટ સ્ટુડિયો બની ગઈ. એક લાકડા નું ખોખું એ કલાકાર ની બેન્ચ હતી. કાર્ડબોર્ડ ની કતરણ અને જૂના કાગળ ના કાર્ટન એના કેનવાસ હતા જેના પર એ એના ચિત્રો દોરતો હતો. એની પાસે જ એક લુહાર ની દુકાન હતી જેની હથોડા ની ઠક-ઠક બિલ ને કામ કરતે સમયે પૃષ્ઠભૂમિ માં સંગીત પીરસતી હતી.





બધી ઉમર ના લોકો બિલ ને કામ કરતો જોવા આવતા હતા. એમાં એક પ્રશંસકે બિલ ને એનું નામ લખતા શીખવાડયું. જલ્દી એ ગર્વ થી એના ચિત્રો પર હસ્તાક્ષર કરવા લાગ્યો.

બિલ ઘણી વાર નજીક ની એક વાડ પર એના બનાવેલા ચિત્રો ટાંગતો હતો. જયારે રાહગીર એના ચિત્રો વિષે સવાલ પૂછતાં તો બિલ ને એમાં કોઈ આપત્તિ ન થતી. એ બહુ વાતોડિયો હતો. પણ જયારે બિલ એના કામ માં વ્યસ્ત થતો ત્યારે એ કોઈ ની સાથે વાતચીત નહોતો કરતો.

1939 ના ઉનાળા ની સવારે, ચાર્લ્સ શેનોન નામના એક યુવા કલાકારે બિલ ને લાકડા ના ખોખા પર બેસીને ચિત્ર બનાવતા જોયો. ચાર્લ્સ એ બિલ ના હાથો ને રેખાઓ બનાવતા જોયા, અને પછી એને ભરતા જોયા. બિલ ના ચિત્ર કોઈ તાલ સાથે નૃત્ય કરતા હતા. ચાર્લ્સ એ એવા ચિત્રો પહેલા ક્યારેય જોયા ન હતા.







ચાર્લ્સ નિયમિત રૂપ થી બિલ પાસે જવા લાગ્યો. એ બિલ ના કામ નું સમર્થન કરવા ચાહતો હતો. એ બિલ માટે આર્ટ નો સામાન લાવ્યો : રંગીન પેન્સિલ અને પેન્ટબ્રશ, પોસ્ટર કલર અને ઉચ્ચ ગુણવત્તા ના કાગળ. પણ બિલ ને એની રીતે જ વસ્તુઓ કરવી પસંદ હતી. એણે રંગીન પેન્સિલ અને થોડા કલર વાપર્યા ખરા, પણ એણે ફેંકેલી બેગ, સાઈનબોર્ડ અને કાર્ડબોર્ડ ના બક્સા પાછળ પેઇન્ટ કરવાનું ચાલુ રાખ્યું.

બિલ ના હાથ સ્થિર અને આત્મવિશ્વાસ થી ભરેલા હતા. કોઈ ગરબડ થવાથી એ ચિંતિત અને વિચલિત નહોતો થતો અને એ લગભગ ક્યારેય બનાવેલા ચિત્ર ભૂંસતો ન હતો. પેન્ટિંગ કરતી વખતે, એને ઘેરા રંગ વધારે પસંદ હતા : ઘેરો આસમાની, ચમકતો લાલ, તપતો પીળો અને માટી નો ભૂરો રંગ. એ સીધો પેઇન્ટ ની બરણી માં થી રંગ લેતો હતો અને બહુ ઓછો મિશ્રિત રંગો નો ઉપયોગ કરતો હતો.





થોડા સમય માં બિલ નોર્થ લોરેન્સ સ્ટ્રીટ પર એક છાયાદાર સ્થાન પર ચાલ્યો ગયો. ત્યાં એણે એની યાદો ને ચિત્રો માં પરિવર્તિત કરવાનું ચાલુ રાખ્યું. એ ઘણીવાર મોડે સુધી ચિત્રો બનાવતો હતો. એણે મોટી આંખો વાળા ઘુવડ, એક મોટો લાલ કૂતરો અને લડતી બિલાડીઓ ના ચિત્ર બનાવ્યા. એણે ટપકાવાળા સાપ અને ઘોડા પર સવાર શિકારીઓ ના ચિત્ર બનાવ્યા.

ક્યારેક-ક્યારેક બિલે એના ચિત્રો વિષે વાત પણ કરી. "મને આજે ખેતર ખેડવાનું બહુ મન કરી રહ્યું હતું, એટલે મેં એક માણસ ને હળ ચલાવતા ચીતર્યો," એણે કહ્યું. "ટોકરી ઉપર પક્ષી અને એને એ વાત ની ખબર જ નથી," બિલે એના એક હાસ્ય ચિત્ર પર મજાક કરતા કહ્યું.

બિલે મોન્ટગોમેરી ની સડકો પર જોયેલા લોકો ના પણ ચિત્રો બનાવ્યા : લાંબી ટોપી પહેરેલા પુરુષો અને નકશી વાળા પોશાક પહેરેલી મહિલાઓ, સડક પર કૂતરા ને ચલાવતા લોકો અને કાખઘોડી સાથે એક માણસ. બિલે લુહાર ની દુકાન અને લુહાર ના ઓજારો ના પણ ચિત્ર બનાવ્યા.

જયારે લોકો એને કોઈ ચિત્ર માટે સિક્કા આપતા તો બિલ બહુ ખુશ થતો. "ક્યારેક-ક્યારેક તેઓ એને ત્યારે પણ ખરીદે છે જયારે એને એની આવશ્યકતા નથી હોતી," બિલે ટિપ્પણી કરતા કહ્યું.







ચાર્લ્સ શેનન બિલ ના કામ નો એટલો મોટો પ્રશંસક હતો કે એણે બિલ ના ચિત્રો નો એક શો આયોજિત કર્યો. પ્રદર્શન, બિલ ટ્રેલર - લોકો નો ચિત્રકાર - ફેબ્રુઆરી 12, 1940 માં ન્યુ-સાઉથ આર્ટ ગેલેરી માં આયોજિત કરવામાં આવ્યો. બિલ ના લગભગ સો ચિત્રો ગેલેરી ની દીવાલો પર લટકાવવામાં આવ્યા.

બિલ કંઈ બોલ્યા વગર એક ચિત્ર થી બીજા ચિત્ર તરફ આગળ વધતો ગયો. અંત માં, એણે એની સોટી થી એક ચિત્ર તરફ ઈશારો કર્યો અને કહ્યું,"આ બૂઢો ઘોડો જાડો છે, પણ આ બિચારો બુઢો ખચ્ચર એકદમ પાતળો, જેણે જીવનભર કામ કર્યું છે."

એ દિવસે બિલ ની કોઈ પણ કલાકૃતિ વેચાઈ નહીં, પણ એ વાતે બિલ ને જરા પણ પરેશાન ન કર્યો. પૈસા એના ચિત્ર પાછળ ની પ્રેરણા ન હતા. એના જીવન ની સમેટેલી યાદો નો આનંદ લેવા માટે જ બિલે ચિત્રો બનાવ્યા હતા. એને એ ખબર ન હતી કે એના ચિત્રો બીજા ને પણ આનંદિત કરશે. પણ એ વાત સમજ્યા વગર જ, બિલ ટ્રેલરે એની યાદો માં દુનિયા ને સહભાગી બનાવી હતી.

અંત ના શબ્દો



મુનરો એવન્યૂ પર કામ કરતો બિલ ટ્રેલર, અંદાજે 1940 : જીન અને જોર્જ લુઈસ દ્વારા ફોટો.

લોકો જણાવે છે કે જયારે બિલ ટ્રેલર ન્યૂ સાઉથ આર્ટ ગેલેરી માં એના ચિત્રો ની પ્રદર્શની ની મુલાકાત લેતા, ત્યારે એ ઓરડા માં ચારે બાજુ ફરતા હતા અને ક્યારેક-ક્યારેક કોઈ કલાકૃતિ વિષે ટિપ્પણી પણ કરતા હતા, જાણે એણે એ પહેલા ક્યારેય જોઈ ન હોય. ઉત્તર લોરેન્સ સ્ટ્રીટ પર પાછા ફરતા, એણે પછી ક્યારેય પ્રદર્શની નો ઉલ્લેખ ન કર્યો.

ચાર્લ્સ શેનોન (1914-1996) નો જન્મ મોન્ટગોમરી, અલાબામા માં થયો હતો. એણે કલેવલેન્ડ સ્કૂલ ઓફ આર્ટ માં અધ્યયન કર્યું, અને ત્યાં રહેતા એને દક્ષિણ ની સંસ્કૃતિ ને ચિત્રિત કરવાની દિલચસ્પી પેદા થઈ, ખાસ કરીને આફ્રિકી અમેરિકનો માં. અલાબામા પાછા ફર્યા બાદ, શેનોન 1939 માં, બિલ ટ્રેલર ને મળ્યો, અને થોડા જ અઠવાડિયા માં એ એને માટે આર્ટ ની સામગ્રી લાવવા લાગ્યો. આગળ ત્રણ વર્ષો માં બિલ ટ્રેલરે 1200 અને 1500 ચિત્ર અને પેઇન્ટિંગ બનાવ્યા. શેનોને ટ્રેલર ની ઘણી કલાકૃતિઓ ખરીદી ને ટ્રેલર નું સમર્થન જારી રાખ્યું.

.

શેનોને જાન્યુઆરી 1942 માં ન્યૂ યોર્ક ના રિવરડેલ માં એથીકલ કલચર ના હેલ્ડસ્ટન સ્કૂલ માં ટ્રેલર ના ચિત્રો ના બીજા પ્રદર્શન ની વ્યવસ્થા કરી. ન્યૂયોર્ક શહેર માં આધુનિક કલા સંગ્રહાલયે પ્રદર્શની માં થી સોળ ચિત્રો ખરીદવાનો પ્રયાસ કર્યો, પણ શેનોને ઓફર નો અસ્વીકાર કર્યો કારણકે એ દરેક કૃતિ ના ફક્ત એક કે બે ડોલર જ આપવાના હતા.

જૂન 1942 માં શેનોન ને સેનાએ માં સામેલ કરવામાં આવ્યો, જ્યાં એણે 1946 સુધી સેવા આપી. એ દરમ્યાન ટ્રેલર આખા દેશ માં એના વિભિન્ન સગાવહાલા ને ઘરે રહ્યા. એના ડાબા પગ નો સંધિવા વધારે ખરાબ થયો, અને એને ગેંગરીન થઇ ગયું અને એ પગ ને કાપવો પડયો. જખ્મ ભરાયા પછી, ટ્રેલર નોર્થ લોરેન્સ સ્ટ્રીટ પર પાછો ચાલ્યો ગયો

બિલ ટ્રેલર - ધ મેન વિથ અમ્બ્રેલા એન્ડ સૂટકેસ, 1939



જ્યાં સુધીમાં શેનોન મોન્ટગોમેરી પહોંચ્યો, ટ્રેલર નું સ્વાસ્થ્ય વધારે ખરાબ થઇ ચૂક્યું હતું. ટ્રેલર સડક પર નું એનું ઘર છોડી ને શહેર ના બીજા ભાગ માં એની દીકરી સાથે રહેવા ચાલ્યા ગયા હતા. નિરાશ અને લાગણીવિહીન હોવા છતાં ટ્રેલરે ચિત્રકામ ચાલુ રાખ્યું, પણ હવે એના ચિત્રો માં એ ચિનગારી ન હતી. ઓકટોબર 1949 માં , પંચાણું વર્ષ ની આયુ માં, એમનું મૃત્યુ થયું.

સાર્વજનિક રુચિ ના અભાવ ને કારણે ઘણા વર્ષો સુધી ચાર્લ્સ શેનોને બિલ ટ્રેલર ની કલા ને એક ગોદામ માં બંધ રાખી. 1970 ના દશક ના અંત સુધી શેનોને ફેંસલો કર્યો કે એ કાળ ટ્રેલર ના ચિત્રો નો ફરી કલા ની દુનિયા સાથે ભાગીદારી કરવાનો સમય હતો. 1982 માં વોશિંગ્ટન ડીસી માં, કોરકોરન ગેલેરી ઓફ આર્ટ માં ટ્રેલર ના ચિત્રકામ નું પ્રદર્શન કરવામાં આવ્યું. અમેરિકા માં "બ્લેક ફોક-આર્ટ" 1930-1980 નામક પ્રદર્શની માં ટ્રેલર ના 36 ચિત્રો ને સામેલ કરાયા અને જેથી એના કામ ને વ્યાપક પ્રસિદ્ધિ મળી. ત્યાર થી બિલ ટ્રેલર ને, 20 મી શતાબ્દી ના સૌથી મહત્વપૂર્ણ સ્વયં-શિક્ષિત અમેરિકી લોક-કલાકારો માં થી એક માનવામાં આવે છે. એના ચિત્રો ને "બહારની કલાકારી" પણ કહેવાય છે, જે કૃતિ ઔપચારિક પ્રશિક્ષણ વગર એક વ્યક્તિ ની હૈસિયત થી સ્થાપિત સંસ્કૃતિ અને સમાજ ના કિનારે રહીને રચાઈ હતી. ટ્રેલરે કળા સ્કૂલો, દીર્ઘાઓ અને સંગ્રહાલયો ની કળા ની દુનિયા થી પૂરી રીતે બહાર રહીને એનું કામ કર્યું.

બિલ ટ્રેલરે વાસ્તવ માં ચિત્રકામ કેમ શરુ કર્યું? એ હજી પણ રહસ્યમય છે. કદાચ ચિત્ર બનાવવાની ક્ષમતા એના પૂરા જીવન ભર રહી હશે, પણ જયારે પરિસ્થિતિઓ એ એને સંભવ બનાવી ત્યારે એ પ્રતિભા નિખરી ને સામે આવી. કારણ જે પણ રહ્યું હોય, એના ગ્રામીણ ઘર થી દૂર એક શહેર ની ફૂટપાથ પર, બિલ ટ્રેલરે કલ્પના, હાસ્ય અને સાદગી સાથે એના જીવન નું નવેસર થી નિર્માણ કર્યું.